જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૮૩	૦	૧૧૧૮૩	૧૭૩૧૪	૦	૧૭૩૧૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૬૩૦	૩૨	૨૮૬૬૨	૨૯૮૫૫	૩૬	૨૯૮૯૧
કુલ		૪૪૫૮૧	૩૨	૪૪૬૧3	૫3૬૬૦	૩૬	૫3૬૯૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭	૫,૭૫,૩૦૦

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૪૧	૧૨,૪૧,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

નારોલ પોલીસ સ્ટેશનના શરીર સબંધી ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી નાસત ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ખાતેના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ અલગ અલગ ટીમો બનાવી આજરોજ તપાસ કરાવતાં પો.કો.વિજયસિંહ લાખુભા નાઓને બાતમી હકિકત મળેલ કે, "નારોલ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૫૭/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૨૩ ૨૯૪(ખ) ૫૦૬(૧) ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી આશીફખાન મજુરખાન પઠાણ ઉ.વ.૨૫ રહે.મ.નં.૧ સરતાજનગર સોસાયટી વટવા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેરનાનો હાલમાં અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં આવેલ સંતોષનગર ચાર માળીયામાં રહે છે. " જેથી સર્વેલન્સ સ્કોડના વુ.પો.સ.ઈ શ્રી જે.એસ.ચૌધરી સાહેબ નાઓએ ટીમ બનાવી સર્વેલન્સ સ્કોડના મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.વિજયસિંહ લાખુભા તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ તથા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ નાઓને મોકલી આપતાં બાતમી હકિકતમાં જણાવેલ જગ્યાએ જઈ તપાસ કરતાં વોન્ટેડ આરોપી આશીફખાન મજુરખાન પઠાણ ઉ.વ.૨૫ રહે. સંતોષનગર ચાર માળીયા બ્લોક નં.૨૮ બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર તથા મ.નં.૧ સરતાજનગર સોસાયટી વટવા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેરનાઓ મળી આવતાં તેઓને નારોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી સેકન્ડ ગુ.ર.નં.૩૦૫૭/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૨૩ ૨૯૪(ખ) ૫૦૬(૧) ૧૧૪ મુજબના ગુનામાં અટક કરી નારોલ પોલીસ સ્ટેશનના શરીર સબંધી ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ

(૨) મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨

(૩) પો.કો.વિજયસિંહ લાખુભા

(૪) પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન : (૧)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભાવનગર તથા રજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

(૧) મીનાબેન રાઘવરામ રામનિર્મલ શર્મા ઉ. વ. ૫૦ રહે: મ નં ૫૨/૪ રઘુવીર એપાર્ટમેન્ટ પંચદેવ મંદીરની પાછળ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન- ગામ-સુલતનપુર તા જીલો અમેઠી ઉત્તરપ્રદેશ (૨) દર્શનભાઇ પ્રધાનભાઇ ભેરુસિંગ ઓડ ઉ.વ.૧૯ રહે મ. નં- ૬૮/૧૧૫૫ શિવાનંદનગર સોસાયટી નાગરવેલ હનુમાન મંદીરની બાજુમાં અમરાઇવાડી અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૦૬૮/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૯૮ (૨) ૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – (૧) મીનાબેન પીસીબી/ડીટીએન/પાસા/૧૪૯/૨૦૨૧ તા. ૨૬/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૨૬/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે :- ભાવનગર જેલ (૧) દર્શન પીસીબી/ડીટીએન/પાસા/૧૪૬/૨૦૨૧ તા. ૨૬/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૨૬/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૧૫ વાગે :- રજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો બીજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા અ પો કો ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ પો કો જયદીપસિંહ દેવસંગભાઇ બ. નં. ૧૧૯૪૯

ઓઢવ પોલીસ સ્ટેશન (૨)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જુનાગઢ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

કિશોર ઉર્ફે રવિ ઉર્ફે લાલો સન/ઓફ રાજેશભાઇ મહાવીરભાઇ કોષ્ટી ઉ વ. ૨૩ રહે. મ નં બી/૧૯ મુકતાનંદ પાર્ક સોસાયટી જામફળવાડી સી ટી એમ રામોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ સીતાનગર તા. જીલ્લો જબલપુર મધ્યપ્રદેશ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) અમરાઇવાડી પોસ્ટે ફસ્ટ ગુ ૨ નં ૩૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ- ૩૯૪, ૪૫૨, ૫૧૧, ૧૧૪તથા જી.પી.એકટ કલમ ૧૩૫ (૧) મુજબના (૨) ઓઢવ પોસ્ટે ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૦૧૧૭૯/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ (એ) (૩) (૪) ૧૧૪ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં –પીસીબી/ડીટીએન/પાસા/૧૪૨/૨૦૨૧ તા. ૨૬/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૨૬/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે :- જુનાગઢ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો બીજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા અ પો કો ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ પો કો જયદીપસિંહ દેવસંગભાઇ બ. નં. ૧૧૯૪૯

પીસીબી

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ક્રિકેટ મેચ ઉપર હારજીતનો જુગાર રમતા ૨ ઈસમોને જુગારના સાધનો તથા વિદેશી દારુની બોટલો સાથે મળી કુલ્લે ૧,૮૯,૫૦૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે તા.૨૬.૧.૨૦૨૧ ના રોજ પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓ અ.હે.કો. મહેન્દ્ર વાસુદેવભાઇ, અ.હે.કો. ચેતનસિંહ નટવરસિંહ, અ.હે.કો. દીપનારાયણ રાજનારાયણ, અ.હે.કો. મુકેશભાઇ રામાભાઇ, તથા અ.હે.કો. જામસિંહ રણુભા તથા અન્ય સ્ટાફના માણસો શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે બ.નં.એ/૩, પુરષોત્તમ બંગલોઝ, ગુરુદ્વારા પાછળ, એસ.જી. રોડ, થલતેજ, અમદાવાદ શહેર ખાતે પ્રથમ માળે બેડરૂમ ખાતે પંચો સાથે રેઈડ કરતા આરોપીઓ (૧) ધર્મરાજભાઇ ઉર્ફે ધમભા ભાભલુભાઇ વાળા ઉ.વ.૪૨, રહે. બં.નં.એ/૩, પુરષોત્તમ બંગલોઝ, ગુરુદ્વારા પાછળ, એસ.જી. રોડ, થલતેજ, અમદાવાદ શહેર સદર મકાનનુ તથા મુળ ગામ. વડીયા, તા. કુકાવાવ, જી. અમરેલી (૨) ધવલ અરવિંદભાઇ ધામેચા (દરજી) ઉ.વ.૩૦, રહે. હાલ. સુરજવાડી, લુહાણા વાડી પાસે, લાદી રોડ, જેતપુર, જી. રાજકોટ. મુળ રહે. વોરા વાડ, નગીના મસ્જીદ સામે, લાદી રોડ, જેતપુર, જી. રાજકોટ નાઓને ઓસ્ટ્રેલીયા ખાતે રમાતી બીગ બેસ લીગ ટી-૨૦ ક્રિકેટ મેચ હોબર્ટ હરીકેન્સ (HH) તથા મેલબોર્ન રેનીગેસ્ટ (MR) વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર મોબાઇલ ફોનથી ગ્રાહકો સાથે સંપર્ક રાખી આંકડાકીય બીટ લખી નાણાંની હારજીતનો જુગાર-ક્રિકેટ સટ્ટો રમી-રમાડતા રુપિયા ૧,૮૧,૫૦૦/ તેમજ વિદેશી દારુની બોટલો નંગ ૦૭ કિ.૮૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૧,૮૯,૫૦૦/- ના મુદમાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વસ્ત્રાપુર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૦૨૧૦૦૭૦/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ તેમજ સી પાર્ટ ૧૧૧૯૧૦૨૦૨૧૦૦૭૧/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ અલગ અલગ ગુનાઓ રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) ધર્મરાજભાઇ ઉર્ફે ધમભા ભાભલુભાઇ વાળા ઉ.વ.૪૨, રહે. બં.નં.એ/૩, પુરષોત્તમ બંગલોઝ, ગુરુદ્વારા પાછળ, એસ.જી. રોડ, થલતેજ, અમદાવાદ શહેર સદર મકાનનુ તથા મુળ ગામ. વડીયા, તા. કુકાવાવ, જી. અમરેલી (૨) ધવલ અરવિંદભાઇ ધામેચા (દરજી) ઉ.વ.૩૦, રહે. હાલ. સુરજવાડી, લુહાણા વાડી પાસે, લાદી રોડ, જેતપુર, જી. રાજકોટ. મુળ રહે. વોરા વાડ, નગીના મસ્જીદ સામે, લાદી રોડ, જેતપુર, જી. રાજકોટ

ગુનાની જગ્યા :

આરોપી ધર્મરાજભાઇ ઉર્ફે ધમભા ભાભલુભાઇ વાળાના રહેણાંક બં.નં.એ/૩, પુરષોત્તમ બંગલોઝ, ગુરુદ્વારા પાછળ, એસ.જી. રોડ, થલતેજ, અમદાવાદ શહેર ખાતે પ્રથમ માળે બેડરૂમ માંથી.

પકડાયેલ મુદામાલ :

(૧) મોબાઇલ રેકોર્ડર પેટી નંગ-૧ કિંમત રૂ.૫,૦૦૦/-, (૨) ટેબલેટ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૫,૦૦૦/-, (૩) લેપટોપ કિંમત નંગ-૧ રૂ.૨૫,૦૦૦/-, (૪) વોઇસ રેકોર્ડર નંગ-૧ કિંમત રૂ.૧,૦૦૦/-, (૫) પાવર એક્ષટેન્શન બોર્ડ નંગ-૧ કિંમત રૂ.૦૦/-,(૬) હેડફોન નંગ-૧ કિંમત રૂ.૫૦૦/-, (૭) મોબાઇલ ફોનો નંગ-૧૮ કિંમત રૂ.૧,૦૯,૦૦૦/-, (૮) ઇન્ટરનેટ વાઇફાઇ રાઉટર નંગ-૧ કિંમત રૂ.૧,૦૦૦/-, (૯) લાલ કલરની ડાયરી નંગ-૧ કિંમત રૂ.૦૦/-, (૧૦) સફેદ કલરની ડાયરી નંગ-૧ કિંમત રૂ.૦૦/-, (૧૧) હિસાબના કાગળો નંગ-૩ કિંમત રૂ.૦૦/-, (૧૨) ચાર્જસીટની નકલ કિંમત રૂ.૦૦/-, (૧૩) રોકડા નાંણા રૂ.૨૫,૦૦૦/ તથા વિદેશી દારુની બોટલો નંગ ૦૭ કિ.૮૦૦૦/ મળી કુલ કિંમત રૂ.૧,૮૯,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૭૭/૨૦૨૧**

સરખેજઃ પ્રજ્ઞેશભાઈ પ્રવિણભાઈ પરમાર (ઉ.વ.૩૪) (રહે.પ્રગતિનગર મંજુભીલની ચાલી પોસ્ટ ઓફીસ સામે અમરાઈવાડી) એ તા.૨૬/૦૧/૨૦૨૧ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડીસેમ્બર/૨૦૨૦ માં સરખેજ મકરબા કોમર્સ હાઉસ-૫ માં આવેલ મેડુસીન સોલ્યુશન કંપની ખાતે આરોપી (૧) ઘનશ્યામભાઈ ચંન્દ્રકાંતભાઈ વાળા (રહે. સોનલપાર્ક સોસાયટી વિશાલનગર સામે ઈસનપુર) અને (૨) રાહુલ શર્મા (રહે.રૂદ્રાગ્રીન એપાર્ટમેન્ટ, નારોલ) એ ભેગા મળી પ્રજ્ઞેશભાઇને પોતાના ડીમેટ અકાઉન્ટ થી શેરબજારમા તથા ફોરેક્સ બજારમાં રૂપિયા રોકવાનુ કહી સારૂ એવુ ડીવીડ્ન્ડ આપવાનુ કહી વિશ્વાસમાં લઇ રાહુલ શર્માની કરીયાણાની દુકાને સ્વાઇપ મશીનમાં પ્રજ્ઞેશભાઇના કાર્ડથી રૂપિયા ૨,૨૫,૦૦૦/- મેળવી લઇ, પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૮/૨૦૨૧**

સાબરમતીઃ મીહીરભાઈ નવીનભાઈ સોમપુરા (રહે. આશ્રય-૯ ખોડીયાર માતાના મંદીર પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૧ સવારના ૯/૩૦ થી રાતના ૮/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૨,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૭૯/૨૦૨૧**

રાણીપઃ કમલાબહેન સાયરભાઇ જૈન (ઉ.વ.૬૫) (રહે.આદીત્ય રેસીડેન્સી મળીયા વાસ નજીક ગીતા સ્કુલ પાસે અમરાઇવાડી) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૧/૨૧ સાજના ૪/૦૦ વાગ્યાના સુમારે રાણીપ પ્રબોધ રાવલ સર્કલ પગરખા બજાર પાસે માહાવિર ટ્રાવેલ્સમાંથી અજાણી વ્યક્તિ કમલાબહેનનું પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. પર્સમાં સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૩૭,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

વાહનચોરી :- **સમાચાર યાદી નં.૧૮૦/૨૦૨૧**

વાડજ: ગણપતભાઇ પ્રેમજીભાઇ સોલંકી (રહે.સુભાષનગર સ્નેહ સંગમ સોસાયટીની બાજુમાં જુના વાડજ) એ તા.૨૨/૦૧/૨૦૨૧ કલાક ૧/૩૦ વાગે સુમીતીનગર સોસાયટીના દરવાજા આગળ પોતાની મારૂતિ ઇકો ગાડી નંબર જીજે.૦૧.આરએક્સ ૨૬૨૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૦૧/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ગણપતભાઇ સોલંકીએ તા.૨૬/૦૧/૨૦૨૧ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૮૧/૨૦૨૧**

સાબરમતી: સાબરમતી ન્યુ રાણીપ કાળીગામ તળાવ સામે રૂપમા રેસીડેન્સી ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા હસુબહેન વિજુભાઇ મેડા (ઉ.વ.૨૫) (મુળ વતન- ઝરી (ગુર્જર) તા. ગરબાડા જી.દાહોદ) તા.૨૫/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રૂપમ રેસીડેંસીના ભોયરામાં ખોદકામ કરતા હતા ત્યારે માટી ઉપર પડતા દબાઇ જતાં ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

ઓઢવ: પુનમભાઇ ડાહ્યાભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે.ગામ.ફતેહપુરા તા.કપડવંજ જી.ખેડા) તા.૨૫/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સી.એમ.સી પાસે રોડ નંબર-૫૩ શેડ નંબર-૪ "અક્ષય સ્ટીલ" નામના કારખાનામાં દિવાલ તોડવાનુ કામ કરતા હતા ત્યારે દિવાલ પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૧/૨૦૨૧ કલાક ૮/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૮૨/૨૦૨૧**

ખોખરા: તનિષ્ક સંજયભાઈ સુરાણા (ઉ.વ.૧૬) (રહે.સર્વમ એપાર્ટમેન્ટ નીલકંઠ એપાર્ટમેન્ટ મણીનગર) તા.૨૬/૦૧/૨૦૨૧ રાતના ૮/૪૦ વાગ્યા પહેલા મણીનગર ખોખરા રેલેવે ટ્રેક અપલાઈન પોલ નંબર- ૪૯૧/૫ થી ૪૯૧/૦૫B ની વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૧૮૩/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ જીજ્ઞેશ ઉર્ફે પોપટ કનુભાઈ ઠાકોર (ઉ.વ.૨૫)(રહે. ગોરવાસ બહુચર માતાના મંદીર પાસે ચાંદલોડીયા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

બાપુનગરઃ હાર્દિક જયેશભાઇ પરમાર (ઉ.વ.૨૨)(રહે.નિલમ એપાર્ટમેન્ટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં લુંગી અને મફલર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વશરામભાઇ રામજીભાઇ ચલાવે છે.

ઓઢવઃ (૧) દિનેશભાઈ ભીખાભાઈ લખતરીયા (ઉ.વ.૪૭)(રહે.શ્રીજીપાર્ક સોસાયટી તક્ષશીલા સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ ભાથીજી મંદીરની બાજુમાં આવેલ સેન્ટ્રલ વર્કશોપમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

ઓઢવઃ (૨) લીનાબહેન વા/ઓ નિલેશભાઇ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.ઇંદિરાનગર ગણેશ કોલોની રોહિતવાસ સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૧/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાશ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી